ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૩

# ન્યુ ગાંધીનગરમાં બ્રહ્માકુમારીઝની 'શિવસંદેશ યાત્રા' યોજાઈ





## મેયર તથા ડેપ્યુટી મેયરે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું : મહાશિવરાત્રિએ બરફના અમરનાથ, આધ્યાત્મિક પ્રદર્શન તથા ત્રિદિવસીય રાજયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ન્યુ ગાંધીનગરમાં ઊર્જાનગર-૧ ખાતે સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલ્યના સેવા કેન્દ્ર દ્વારા આજે સવારે ૯ કલાકે 'શિવ સંદેશ યાત્રા'નું આયોજન કરાયું હતું. આ શિવ સંદેશ યાત્રાને શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ તથા ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત સેવા કેન્દ્ર દ્વારા આગામી મહા શિવરાત્રી પર્વ નિમિત્તે બર્ફીલા અમરનાથની ઝાંખી સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

બ્રહ્માકુમારીઝના ઊર્જાનગર-૧ દ્વારા આયોજિત શિવ સંદેશ રેલીમાં આશરે ૩૦૦ જેટલા બ્રહ્માકુમાર ભાઈઓ તથા બહેનો જોડાયા હતા. રેલીમાં ૨૪ જેટલા ફોરવ્હીલર્સ તથા ૩૭ જેટલા ટુ-વ્હીલર્સ વાહનો જોડાયા હતા. યાત્રા દ્વારા જનમાનસમાં પરમાત્મા શિવના દિવ્ય અવતરણનો સંદેશ તથા વસાહતીઓમાં આધ્યાત્મિક જાગૃતી ફેલાવવા વૈશ્વિક ભાઈચારા મે વિશ્વ-શાંતિના હકારાત્મક તરંગો ફેલાવવા પ્રયાસ કરાયો હતો. રેલીમાં ગાંધીનગરના મેયર તથા ડેપ્યુટી મેયર ઉપરાંત ઊર્જાનગર-૧ સોસાયટીના પ્રમુખ તથા મંત્રી, રાંદેસણ ગામના સરપંચ પોપટસિંહ તથા ડેપ્યુટી સરપંચ રાજેન્દ્રસિંહ પણ જોડાયાં હતા.

આ પ્રસંગે બ્રહ્માકુમારીઝના ગાંધીનગર ખાતેના સેવાકેન્દ્રના સંચાલિકા રાજયોગિની કૈલાશદીદી, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. તારાબેન, સે. ૨-સી સેવા કેન્દ્રના સંચાલિકા બીકે ભાવનાબેન તથા ઊર્જાનગર-૧ સેવા કેન્દ્રના સંચાલિકા બીકે રંજનબેન સહિત મોટી સંખ્યામાં બ્રહ્માકુમાર ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી મહાશિવરાત્રિના પર્વને અનુલક્ષીને બ્રહ્માકુમારીઝના ઊર્જાનગર-૧ સેવા કેન્દ્ર દ્વારા બરફના ભગવાન અમરનાથની ઝાંખી, શિવ અવતરણ વિડીયો શૉ, વેલ્યુ ગેઈમ્સ, ખાસ ધ્યાન કક્ષ અને આધ્યાત્મિક પ્રદર્શન તેમજ ત્રિદિવસીય રાજયોગ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ તમામ કાર્યક્રમો રાંદેસણ ખાતે ઊર્જાનગર-૧ સોસાયટીમાં પ્લોટ નં. ૮૫, ૮૬ ખાતે મહા શિવરાત્રિના દિવસે સવારે ૬ થી રાત્રિના ૧૦ કલાક સુધી યોજાશે. જેનો લાભ લેવા નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



ભરત હિરાલાલ ઠાકર

**ગાંધીનગર ગમે**

પ્લાનિંગવાળું શહેર હોવાથી મૂળભૂત સુવિધાઓ ઉપરાંત રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટલાઈટની ઉત્તમ સુચારુ વ્યવસ્થાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંનાં નગરજનો શિક્ષિત, નિયમોના જાણકાર તથા શાંતિપ્રિય લોકો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આ શહેરમાં થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે, જેમાં કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાનો માટે રોજગારની તકો ઊભી થાય, જૂનાં સરકારી મકાનો તોડી નવાં સુંદર, સંસ્કારી મકાનો બને, માળખાકીય સુવિધાઓ સારી રીતે જળવાય અને પબ્લિક ટ્રાન્સપોર્ટ વધારે સારું ને કાર્યક્ષમ બને તે જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે વિચારો પૂરા પાડી શકું તેમ છું.

## છત્રાલ નજીકથી એસઓજીએ કેબલ ચોરને પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે ત્યારે આજે પીએસઆઈ ડી.ડી. પરમાર તથા તેમની ટીમના એએસઆઈ ગૌતમભાઈ, સીરાજખાન, કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ અને દિગ્વીજયસિંહ સહિતના માણસોએ બાતમીને આધારે છત્રાલ નજીકથી વધુ એક નાસતા ફરતા કેબલ ચોરને દબોચી લીધો છે. પાટણના ચાણસ્મા વિસ્તારમાં રહેતા અરૂણ કાળુ દંતાણી નામના શખ્સને કલોલ તાલુકાના છત્રાલ અમીરસ હોટલ પાસેના પેટ્રોલપંપ નજીકથી પકડી પાડવામાં આવ્યો છે. આ શખ્સ સામે કલોલ તાલુકા વિસ્તારમાં ચોરી કરવા બદલ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં કેબલ ચોરીના બે ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યુ છે. એસઓજીની ટીમે આ શખ્સની ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસને સોંપી દીધો છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા પોકેટ ડીરેક્ટરી બનાવાશે

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા આવનારા દિવસોમાં પોકેટ ડીરેક્ટરી તૈયાર કરશે. આ પ્રક્રિયા ટુંક સમયમાં પૂર્ણ કરવાની હોવાથી સર્વ જ્ઞાતિજનોએ તેમની બાકી વિગતો પહોંચાડી નથી તેથી સર્વ જ્ઞાતિજનોએ ૩૧મી માર્ચ-૨૦૧૭ સુધીમાં ફોર્મ ભરી સંસ્થાના ખજાનચી બી.ડી. શાહને જમા કરાવાની રહેશે. આ ફોર્મ હવેલી મંદિર સે. ૨૧ સાંજે ૬ થી ૬.૩૦ કલાકે આપને મળશે જેની નોંધ સર્વ જ્ઞાતિજનોએ લેવાની રહેશે. અને વધુ માહિતી માટે ૯૮૨૪૪૨૨૫૧૫ પર સંપર્ક કરવાનો રહેશે. તેવુ બી.ડી. શાહે અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.

## સમર્પણ કોલેજના બૉક્સર વિદ્યાર્થીએ ૩૨ વર્ષે યુનિવર્સિટીને મેડલ અપાવ્યો



### રાષ્ટ્રીયકક્ષાની ઈન્ટર યુનિવર્સિટી બોકિંસગ ચેમ્પિયનશીપમાં રિઝવાન નિસ્સારને બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના બોક્સર રિઝવાન નિસાર એહમદે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં બ્રોન્ઝ મેડલ જીતી ગાંધીનગરનું નામ રાષ્ટ્રીયકક્ષાએ રોશન કર્યું છે. આ સાથે ગુજરાત યુનિવર્સિટીને ૩૨ વર્ષો પછી ઈન્ટર યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ અપાવી ગૌરવ પ્રદાન કર્યુ છે. પંજાબના જલંધર ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી બોકિંસગ ચેમ્પિયનસીપ-૨૦૧૭ યોજાઈ હતી. આ ચેમ્પિયનશીપમાં ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ખેલાડી રિઝવાન નિસ્સાર અહેમદની પસંદગી કરાઈ હતી. આ સ્પર્ધામાં દેશભરની ૧૨૪ યુનિવર્સિટીના ૨ હજાર જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રિઝવાન નિસ્સાર એહમદે બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચવા સાથે ગુજરાત તથા ગાંધીનગરનું પણ નામ રોશન કર્યુ છે. તેમની આ સિદ્ધિ માટે કોલેજના ફિઝિકલ ડાયરેક્ટર મહેન્દ્ર મોડિયા સહિત રિઝવાન નિસ્સારને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલા, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટસ વિભાગના અધ્યક્ષ ડૉ. બી.ડી. વનારે અભિનંદન પાઠવ્યાં છે.

## ઓએનજીસીનો સામાન ચોરતી ત્રીપુટી એસઓજીના સકંજામાં



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એસઓજીની ટીમ અડાલજ વિસ્તારમાં ગઈકાલે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાલાપીર ચોકડી પાસેથી એક પીકઅપ ડાલુ લઈને જતો શખ્સ શંકાસ્પદ રીતે જતા દેખાયો હતો. શંકાને આધારે ડાલુ ઉભુ રખાવી તપાસ કરતા અંદરથી ઓએનજીસીમાં વપરાતા કેબલો તથા અન્ય માલસામાન મળી આવ્યો હતો. આ સામાનના દસ્તાવેજો અંગે પુછતા ડાલુ લઈને નીકળેલી ત્રીપુટી જવાબ આપી શકી ન હતી. આ માલ ચોરીનો હોવાનુ જાણવા મળતા ટીમે રૂ. ૩૪.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લઈને ત્રણેય શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પીઆઈ જે.ડી. પુરોહીતની ટીમ ગઈકાલે અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. એએસઆઈ જયંતીભાઈ, હે.કો. રાજેશભાઈ, રવિન્દ્રકુમાર, અજયકુમાર અને કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ સહીતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોબા સર્કલ તરફથી એક પીકઅપ ડાલુ અડાલજ તરફ જતુ હતુ તેમાં શંકાસ્પદ ચિજવસ્તુ ભરી હોવાનો શક ટીમને પડ્યો હતો. બાલાપીર ચોકડી નજીક ડાલુ ઉભુ રખાવી તપાસ કરતા ડાલાના પાછળના ભાગે ઓએનજીસીની કામગીરી અર્થે વપરાતા વાયરો તથા અન્ય સામાન મુકી તેના ઉપર ગોદડીઓ ઢાંકેલી હોવાનું જોવા મળ્યુ હતુ. ઊંડી પુછપરછ કરતા આ સામાન અંગે ડાલુ લઈને જતાં ત્રણેય શખ્સો જવાબ આપી શક્યા ન હતા. તપાસ કરતા કણભા પોલીસ સ્ટેશનમાં આ મામલે ચોરીની ફરીયાદ નોંધાયેલી હોવાનું ધ્યાને આવતા એસઓજીની ટીમે મહેસાણાના દેથલી ગામના વિસુ સવધાન ઠાકોર, અમદાવાદના ગુંજાલા ગામના ભાવુ શિવસિંહ ઝાલા અને મહેસાણાના મંડાલી ગામના બિસમિલ્લા બીખનખાન પઠાણ મળી ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી હતી. પીકઅપ ડાલા સહિત કુલ રૂ. ૩૪,૫૩,૦૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ તથા મુદ્દામાલ કણભા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

## ભોજન સમારંભની આધુનિકતા સાથે અન્નના બગાડને પણ અટકાવીએ



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગુજરાતમાં લગ્નસરાથી મૌસમ પુરબહારમાં ખિલી ઉઠી છે. અર્વાચીન લગ્નોની ઝાકમઝોળમાં ભોજન સમારંભનું મહત્વ પહેલા જેટલુ અગત્યનું રહેવા પામ્યું છે, બલ્કે વધ્યુ છે. અત્યારના સમયમાં ભોજન સમારંભનું સ્વરૂપ પણ ખૂબ જ બદલાયું છે. બુફેની ડિશમાં વાનગીઓની સંખ્યા અનેકગણી વધી જવા પામી છે અને જેમ જેમ વાનગીઓની સંખ્યા વધે છે તેમ તેમ ભોજનના બગાડની સમસ્યા પણ વકરતી જાય છે. એક તરફ ભારત એક એવો દેશ છે જ્યાં કરોડો નાગરિકો રાત્રે ભૂખ્યાં સૂઈ જાય છે ત્યાં બીજી તરફ અસંખ્ય ટન ભોજનનો બગાડ પણ થાય છે. આ સંજોગોમાં લગ્ન સમારંભ હોય કે અન્ય કોઈ પણ મેળાવડા હોય અન્નના વેડફાટની સમસ્યા પ્રત્યે જાગૃતિ કેળવી તેને અટકાવવા નૈતિક તથા વહીવટી જવાબદારીઓ નિભાવવી અત્યંત જરૂરી બન્યું છે.

જે દેશમાં અન્નપૂર્ણા દેવીની પૂજા કરાય છે, ભૂખ્યાંની આંતરડી ઠારવી એ સૌથી મોટો માનવ ધર્મ ગણવામાં આવે છે, જ્યાં અગણિત સંખ્યામાં રામ રોટી, અન્નક્ષેત્ર, સદાવ્રતો તથા લંગર વગેરે દ્વારા કરોડોને પેટ ભરવા મદદરૂપ થવાની ભાવના પ્રવર્તે છે તે જ દેશનો 'ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ'માં છેક ૯૭મો નંબર છે જે અત્યંત દુઃખની તથા વિચારદાયક બાબત છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્ષના આંકડા મુજબ ભારત વર્ષ ૧૯૯૭માં ૭૬માં સ્થાને હતુ, જે વર્ષ ૨૦૦૦માં ૮૩માં સ્થાને, વર્ષ ૨૦૦૮માં ૧૦૨માં સ્થાને અને વર્ષ ૨૦૧૬માં ૯૭માં સ્થાને ધકેલાયુ છે. હાલ ભારતના પડોશી દેશોમાં નેપાળ ૭૨માં, મ્યાનમાર ૭૫માં, શ્રીલંકા ૮૪માં અને બાંગ્લાદેશ ૯૦માં ક્રમે છે. જો કે ભારતનો સ્કોર વર્ષ ૧૯૮૧માં ૪૧.૨૩ ટકા હતો જે ઘટીને હાલ ૨૮.૫ ટકા સુધી આવ્યો છે તે આવકારદાયક બાબત છે પરંતુ હજુ પણ આ સ્કોર ચિંતાજનક સ્થિતિએ ગણાય. ગ્લોબલ હંગર રિપોર્ટના આંકડા મુજબ ભારતમાં અંદાજે ભારતમાં ૧૯.૪૬ લાખ નાગરિકો બે ટંકનું પુરતુ ભોજન મેળવી શકતા નથી જેમાં બાળકોની સંખ્યા પણ અત્યંત ચિંતાજનક છે.

પૌરાણિક સમયથી ભારતીય સંસ્કૃતિમાં અન્નને ખૂબ જ મહત્વનું સ્થાન આપી તેને પૂજનીય ગણવામાં આવ્યું છે. આ કારણે આપણે ત્યાં આંગણે આવેલા અતિથીને ભોજન કરાવવું એ નૈતિક ફરજ તથા શિષ્ટાચારનો ભાગ ગણાય છે. એટલું જ નહી પરંતુ ભૂખ્યાં જરૂરિયાતમંદોને જમાડવુ એ પુણ્યનું કામ ગણાય છે. આથી ધાર્મિક, સામાજિક કે અન્ય કોઈપણ પ્રસંગે સમૂહ ભોજનની વ્યવસ્થા કરવી એ આવશ્યકતા ગણાય છે. જો કે આવા ભોજન સમારંભોમાં થતા અન્નના વેડફાટને જો અટકાવવામાં આવે તો અસંખ્ય ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ ઠારી શકાય છે. વળી, અન્નના બગાડને કારણે થતી પર્યાવરણ પરની ગંભીર અસરો પણ ઓછી કરી શકાય તેમ છે. એક અંદાજ મુજબ પૃથ્વી પર પ્રતિવર્ષ ૧.૩ અબજ ટન અન્નનો બગાડ થાય છે જેના કારણે વાતાવરણમા ૩.૩ અબજ ટન કાર્બન ડાયોકસાઈડનો ઉમેરો થઈ શકે છે. વળી, આટલુ અન્ન પેદા કરવા માટે આશરે ૧.૪ અબજ હેકટર જમીનની જરૂર પડે જે વિશ્વની કુલ ખેતીલાયક જમીનના ૩૦ ટકા જેટલી થાય છે. એમ.એસ. સ્વામિનાથન રિસર્ચ ફાઉન્ડેશને કરેલા સંશોધન મુજબ ભારતમાં દર વર્ષે અંદાજે રૂ. ૫૮ હજાર કરોડના અન્નનો બગાડ થાય છે.

ભોજનના બગાડની રાષ્ટ્રીય

(અનુ. સાતમા પાને)





## @ગાંધીનગર

- સૅક્ટર-૩ ડી રામજી મંદિર ખાતે બપોરે ૨થી ૫ દરમિયાન રૂક્ષમણી વિવાહ યોજાશે.

## વાતવાતમાં

- સોમવારે ગાંધીનગરમાં નલિયા કાંડ મુદ્દે કોંગ્રેસ દ્વારા યોજાનાર વિરોધ પ્રદર્શન રેલીના કારણે તંત્ર સાબદું થયું છે. આ રેલીમાં વિધાનસભાને ઘેરાવ કરવાનું આયોજન હોઈ વિધાનસભા સંકુલ ફરતેની રેલિંગ પર તાત્કાલિક કાંટાળા તાર લગાવી દેવામાં આવ્યા છે.
- આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર બે વિધાનસભાની ચૂંટણીઓના કારણે ભાજપદ્વારા માઈક્રો પ્લાનિંગ હાથ ધરાયું છે. દરેક જિલ્લાની બેઠકો માટે 'વાલી'ની નિમણૂંકો કરાઈ છે. ગુડાના ચૅરમૅન આશિષભાઈ દવેને વિસનગર જિલ્લાના વાલી બનાવાયા છે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્રમમાં રવિવારે જુનિયર ક્લાર્કના પદ માટેની પરીક્ષા યોજાઈ હતી, જે કારણે ગાંધીનગરમાં બહારગામના ઉમેદવારોનાં ધાડાં ઊતરી આવ્યાં હતાં. ઍસટી ડૅપો પણ આ કારણે દિવસભર ભરચક્ક દેખાયો હતો.
- સરકાર ફરીથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની ચલણી નોટો સ્વીકારશે તેવો મૅસેજ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. મૅસેજમાં નોટો બદલવાની તારીખ ૨૯થી ૩૧ જણાવવામાં આવી છે. પરંતુ આ મૅસેજ ખોટો છે એવું આ કારણે જ પૂરવાર થઈ જાય છે. આ ફેબ્રુઆરી માસ છે અને લીપ યર તો છે નહીં એટલે આ તારીખો આ ફેબ્રુઆરી માસમાં આવવાની જ નથી. અનેક લોકોએ આ મૅસેજને સાચા માની લીધા હતા અને વિચાર્યા વિના આગળ પણ ધકેલી દીધા હતા. પરંતુ જેમ આડેધડ આવતા સમાચારોને સાચા માનનારા લોકો છે તેમ એને તપાસી જોનારા પણ ખરા. એવા જ કેટલાક ડાહ્યા માણસોએ આ તર્કશુદ્ધ ખુલાસો આપ્યો છે અને હવે આ ખુલાસો પણ સોશિયલ મીડિયામાં વહાવવામાં આવી રહ્યો છે.
- છેલ્લા બે દિવસમાં ઋતુએ પોતાનો મૂડ બદલ્યો છે અને અચાનક જ ગરમીનું વાતાવરણ જામી જતાં લોકો બપોરના સમયે ગરમીથી ત્રસ્ત થઈ ગયા હોવાની વાતો કરવા માંડ્યા છે. અનેક લોકોએ તો ઉનાળો હવે આવી જ ગયો છે એમ માનીને ઍરકંડીશનર્સના મિકેનીકને ઍરકંડીશનર્સ સર્વિસ કરવાના ઑર્ડર પણ આપી દીધા હતા. આમ ઉનાળાની સીઝનના પડઘમે રવિવારથી મિકેનીકસની સીઝન પણ શરૂ થઈ ગઈ હતી.

## ચિરવિદાય

- સ્વ. કલુજી ઉદાજી ચાવડા, ઉ.વ.૭૦
- સ્વ. જયેશકુમાર હસમુખલાલ ઉપાધ્યાય, ઉ.વ.૫૬
- સ્વ. પ્રવિણચંદ્ર ઠાકોરલાલ પરીખ, ઉ.વ.૭૬
- સ્વ. સોમાજી ઉદાજી ઠાકોર, ઉ. વ.૫૭
- સ્વ. કાન્તીલાલ ઠાકરલાલ ભટ્ટ, ઉ. વ. ૯૫